ગાંધીનગર સમાચાર

વાઇબ્રન્ટ ટ્રેડ-શોના મુલાકાતીઓને ટેકસી ચાલકોએ લુંટયા અમદાવાદનુ ભાડુ રૂ ૬૩૦ વસુલાયુ

SINCE 1977
વૃન્દાવન
Vraj ni Madhurta
Uttarayan Special Menu
Chikki - Gajjak
Seengh & Til Chikki
Seengh & Til Gajjak
Mamra & Til Laddoo
Specials
Undhyu
Pure Ghee Jalebi
Lilva ni Kachori
Dry Fruit Khichdo
Traditional Farsan
Khaman | Dhokla
Samosa | Kachori
Khandvi | Patra
BUY SWEETS ONLINE @ WWW.VRUNDAVANSWEETS.COM
LIKE US ON FACEBOOK, WWW.FACEBOOK.COM/VRUNDAVANSWEETS
VRUNDAVAN SWEETS & NAMKEEN, GANDHINAGAR
DISTRICT SHOPPING, SECTOR - 21 | MAIN SHOPPING CENTRE, SECTOR - 7
MAIN SHOPPING CENTRE, SECTOR - 22 | GH-5 CORNER, SECTOR - 22
SHOPPING CENTRE, NEAR CHURCH, SECTOR - 3

# આજે આકાશી નઝારો રંગીન બનશે

**એ -લપેટ... અને ડી જેના સુર વચ્ચે ધાબા ગાજશે : મકરસંક્રાતિના પર્વમાં ગાયને ઘાસચારો તેમજ ગરીબોને દાન આપી પુણ્ય કમાવવા માટે પણ નગરજનો ઉત્સુક : સવારે અને સાંજે પતંગ ન ચગાવવા માટે પતંગરસિયાઓને પક્ષી પ્રેમીઓની અપીલ : ઘાયલ પક્ષીઓની સારવાર માટે ચાર ડોકટરો : વનતંત્ર દ્વારા હેલ્પલાઇન કાર્યરત**

ગાંધીનગર તા ૧૩
આજે ઉતરાયણ આકાશને રંગીન બનાવતા આ પર્વને અનુલક્ષી પતંગરસિયાઓમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે. નગરમાં વાઈબ્રન્ટ માહોલામાં ઉતરાયણ પર્વની ઉજવણી માટે ધમધમાટ જોવા મળી રહયો છે. સેકટરોમાં રહીશોએ ધાબા તૈયાર કરી દીધા છે. મકરસંક્રાતિના આ પર્વમાં દાન પુણ્યનો પણ વિશેષ મહીમા હોવાથી ગાયને ઘાસચારો આપવા ઉપરાંત ગરીબોને જરૂરી ચીજવસ્તુઓ આપવા માટે પણ નગરજનો ઉત્સુકતા દાખવે છે. ઉતરાયણના પર્વમાં પતંગ દોરીની મજા પક્ષીઓ માટે સજારૂપ ન બને તે માટે વહેલી સવારે અને સાંજે પતંગ નહીં ચગાવવા માટે પક્ષીપ્રેમીઓએ નાગરિકોને અપીલ કરી છે. જયારે પક્ષીઓ માટે

● અનુસંધાન પાન-૫ પર

## ઘાયલ પક્ષીઓ માટે હેલ્પલાઈન

ઉતરાયણના પર્વમાં પતંગની મજા વચ્ચે નિર્દોષ અને અબોલ પક્ષીઓ ગંભીર રીતે ઘવાતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવે છે. જયારે નિર્દોષ પક્ષીઓને બચાવી ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા માટે વનતંત્ર તેમજ એન જી ઓ ના સહયોગથી સેવા કેમ્પ શરૂ કરવામાં આવે છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા ઘાયલ પક્ષીઓને સારવાર પુરી પાડવા માટે ચાર ડોકટરોની ટીમને ફરજ સોંપવામાં આવી છે. જયારે ઘાયલ પક્ષીઓ અંગે ફોન નં-૨૩૨૬૦૬૩૨,૨૩૨૪૬૯૨૨, તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઈનો ૯૭૨૬૯૫૦૭૫૮ પર સંપર્ક કરવા જણાંવાયુ છે.

## પવન સાનુકૂળ રહેશે : અંબાલાલ પટેલ

આજે ઉતરાયણના પર્વની ઉજવણીને અનુલક્ષી પતંગ રસિયાઓએ સંપુર્ણ તૈયારી કરી લીધી છે. આકાશમાં પેચા લડાવી પતંગોત્સવની ઉજવણી માટે ઉત્સુક યુવાનો પવનની ગતિ અને દિશા ફેવરેબલ રહેશે કે કેમ તે બાબતે પણ ચિંતામાં મુકાતા હોય છે. પરંતુ આ વખતે ઉતરાયણના દિવસે પવન સાનુકુળ રહેશે. જાણીતા જયોતિષ અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ ઉતરાયણના દિવસે પવન સાનુકુળ રહેશે પવનની ગતિ ફરતી રહેશે. પવનની લહેરકી પતંગ રસિયાઓ માટે યોગ્ય રહેશે. જો કે બપોરના સમયે પવનની ગતિ મંદ થશે. જયારે વાદળોના લીધે લઘુત્તમ તાપમાન થોડુ વધવાની સંભાવના છે. ઠંડીનુ પ્રમાણ ઘટશે.

# શહેરમાં કોલ્ડ વેવ

પારો ૮ ડિ.સે.



## ઠંડાગાર પવનોના કારણે નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા આકરી ઠંડીથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ

ગાંધીનગર, તા. ૧૩
ઠંડા પવનોએ શહેરીજનોને ધ્રુજાવી દીધા છે. આખો દિવસ ફુંકાતા ઠંડાગાર પવનોના કારણે સૌ કોઈ ગાત્રો થીજવતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. લઘુત્તમ તાપમાન ૮ ડિ.સે. નોંધાયું છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકરી ઠંડી અનુભવાઈ રહી છે. છેલ્લા ચાર-પાંચ દિવસોથી તો એટલી આકરી ઠંડી પડી રહી છે કે વસાહતીઓ રીતસર ધ્રુજી ગયા છે. સતત ફુંકાતા ઠંડા પવનોએ જનજીવનને અસ્તવ્યસ્ત બનાવી દીધુ છે. આખો દિવસ અને રાત ખુબ ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. જેના પરિણામે લઘુત્તમ અને મહત્તમ તાપમાન નીચુ ગયું છે. દિવસે પણ એકથી વધુ ગરમ વસ્ત્રો પહેરવા પડે

● અનુસંધાન પાન-૫ પર

# ધો-૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫મી માર્ચથી આરંભાશે

**બોર્ડ પરિક્ષાનો કાર્યક્રમ જાહેર થતા વિદ્યાર્થીઓ અનો વાલીઓની ઉત્સુકતાનો અંત**

ગાંધીનગર, તા.૧૩
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૧૫ માર્ચ થી ધોરણ-૧૦ અને ૧૨ની પરિક્ષા લેવાશે. વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૪ તેમજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. આ દરમિયાન ધોરણ-૧૨ ની સામાન્ય પ્રવાહની પરિક્ષા પણ લેવામાં આવશે. બોર્ડ દ્વારા પરિક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવાતા વાલીઓ અને વિદ્યાર્થીઓની ઉત્સુકતાનો અંત આવી ગયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિક્ષા સચિવના જણાવ્યા મુજબ ધો-૧૦ અને ૧૨ બોર્ડ પરિક્ષાનો પ્રારંભ તા.૧૫ માર્ચ થી થશે . જેમાં વિજ્ઞાન પ્રવાહ સેમ-૪ની પરિક્ષાનો સમય બપોરે ૩થી ૬.૩૦ કલાકનો રહેશે. જેમાં તા.૧૫ માર્ચ ના રોજ ભૌતિક વિજ્ઞાન,તા.૧૭ માર્ચના રોજ રસાયણ વિજ્ઞાન, તા.૨૦ ના રોજ ગણિત, ૨૨ માર્ચના રોજ અંગ્રેજી, તા.૨૪ ના રોજ જીવ વિજ્ઞાન, તા.૨૭ના રોજ પ્રથમ ભાષાની પરિક્ષા લેવાશે. ત્યારે ધો-૧૦માં

● અનુસંધાન પાન-૫ પર

# વાઈબ્રન્ટ ટ્રેડ-શોના મુલાકાતીઓને ટેકસી ચાલકોએ લુંટયા અમદાવાદનુ ભાડુ રૂ ૬૩૦ વસુલાયુ

ગાંધીનગર, તા.૧૩
વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ માં સે-૧૭ સ્થિત ટ્રેડ શો મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. ત્યારે શહેરમાં ટ્રેડ શો માં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી છે. ટ્રેડ શો ના અંતિમ દિવસે આજે પણ એકઝિબીશન નિહાળવા માટે નાગરિકો ઉમટી પડયા હતા. પરંતુ ટ્રેડ શો માં આવતા મુલાકાતીઓને યોગ્ય વાહન સેવા ન મળતા મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. વાઈબ્રન્ટના ઉત્સવમાં ખાનગી વાહનચાલકોએ તકનો લાભ ઉઠાવી નાગરિકો પાસેથી જાણે ઉઘાડી લુંટ કરી હતી. ખાનગી વાહનોમાં ટેકસી સેવા પણ બાકાત ન હતી. ઓલા અને ઉબેર સહીતની ટેકસી સેવામાં ગાંધીનગર થી અમદાવાદ જવા માટે આમ નાગરિકો પાસેથી ગરજના લીધે ૬૩૦ જેટલુ ભાડુ વસુલવામાં આવ્યુ હતુ. જે આડા દિવસો કરતા ત્રણ ગણુ વધારે હોવાનો આક્રોશ પણ આમ નાગરિકોમાં ઉઠવા પામ્યો હતો. વાઈબ્રન્ટ ટ્રેડ શો માં આવતા મુલાકાતીઓને અનુલક્ષી સરકારી તંત્ર દ્વારા કોઈ ખાસ વાહન સેવા ઉપલબ્ધ કરવામાં આવી નથી. જયારે બસ સેવા પણ યોગ્ય સમયે ન મળતા હેરાન થતા મુલાકાતીઓએ ટેકસી ચાલકોની વાઈબ્રન્ટ લુંટનો ભોગ બનવાનો વારો આવ્યો હતો.

જાહેર આમંત્રણ
“સુંદરધામ” તૃતીય પાટોત્સવ મહોત્સવ
તા. ૧૫/૦૧/૨૦૧૭ રવિવાર — બપોરે ૧:૩૦ કલાક થી અલગ અલગ ભજન મંડળો દ્વારા — ભજન મહોત્સવ
તા. ૧૬/૦૧/૨૦૧૭ સોમવાર — બપોરે ૧:૩૦ કલાક થી આનંદ ગરબા મંડળો દ્વારા — આનંદ નો ગરબો
તા. ૧૭/૦૧/૨૦૧૭ મંગળવાર — બપોરે ૧:૦૦ કલાક થી અખંડ ૧૦૮ હનુમાન ચાલીસા પાઠ શ્રી ભારતીબાપુની વ્યાસ પીઠે — સાંજે ૫:૩૦ થી મહાપ્રસાદ
♦ દરરોજ સવારે ૯:૦૦ કલાકે યજ્ઞ થશે ♦ દરરોજ રાત્રે ખ્યાતનામ કલાકારો દ્વાર સંતવાણી
તા. ૧૬/૦૧/૨૦૧૭ સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે પ્રસિધ્ધ કલાકારો દ્વારા ગરબા
શ્રી દિલીપ ગુરૂજી
શ્રી ભારતીબાપુ
સુંદરધામ શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર ગાંધીનગર-માણસા હાઈવે રેલ્વે ફાટક પાસે, રાંધેજા
સંપર્ક :- ૮૧૪૧૨ ૧૭૦૫૦, ૯૩૭૪૧ ૭૭૧૮૪, ૯૪૨૮૫ ૯૫૭૪૧, ૯૩૨૭૦ ૦૩૯૪૦
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, રમેશભાઈ પટેલ - ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com